| Innovation ID | DTP0010000002409 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | ફળપાકમાં જીવાત નિયંત્રણ |
| Category | અન્ય |
| Notebook Number | Lok(૧)૩, may-june,૧૯૯૬ |
| Brief | ફળપાકમાં જીવાત નિયંત્રણ માટે લીમડો(Azadirachta indica), હળદર(Curcuma longa), ગૌમૂત્ર, છાણ, પાણીનો ઉપયોગ |

**Detail**

ચુસીયા જીવાત પાન નીચે રહી પાનમાંથી રસ ચુસે છે. પાકનો વિકાસ રૂંધાય છે. ઉતારો પણ ઘણો ઓછો આવે છે. વધુ પડતી જીવાતથી પાન કોકડાઈ જાય છે. ફુલ ખરવાનું પણ થાય છે.

ચોમાસામાં ભેજવાળા વાતાવરણમાં ફળપાકોમાં ચૂસિયા પ્રકારની જીવાતો તથા ફળમાખી, ઘોડિયા ઈયળ વગેરેનો ઉપદ્રવ જોવા મળે છે. મુખ્યત્વે દાડમ, બોર, કેરી અને શાકભાજી વર્ગના પાકોમાં પણ આ ઉપદ્રવ જોવા મળે છે.

ચુસિયા વર્ગની જીવાત માટે ૩ થી ૪ કિલો લીમડા(Azadirachta indica)ના પાનને વાટવા. તેમાં ૩૦૦ ગ્રામ હળદર(Curcuma longa) નાખી, ૫ લિટર ગૌમૂત્ર અને ૫ કિલો છાણને ૨૦ લિટર પાણીમાં બે દિવસ પલાળી રાખી, કપડા વડે ગાળી લેવામાં આવે છે. તેમાં ૨૦૦ લિટર પાણી ઉમેરી છંટકાવ કરવામાં આવે છે. ગૌમૂત્રએક વાસણમાં ભરી બે-ત્રણ દિવસ સુધી બંધ કરી પડી રહેવા દેવું. બે ત્રણ દિવસ પછી આ દ્રાવણ કપડાથી ગાળી લેવું અને તેમાં ૨૦૦ લિટર પાણી ઉમેરી છંટકાવ કરવામાં આવે છે. આ પ્રમાણે ૧૦થી ૧૨ દિવસના અંતરે છંટકાવ કરવાથી ચુસિયાનું નિયંત્રણ થાય છે. અને પાકનો ઉતારો પણ વધારે મેળવી શકાય છે. આ પ્રયોગ દરેક પાકમાં થઈ શકે છે. અને ઉતારો પણ વધુ મેળવી શકાય છે. અને છાણના મિશ્રણનો ઉપયોગ કરવાથી રોગ-જીવાત ઘટે છે. ઉપરાંત, છોડને જરૂરી પોષકત્તવો અને કુદરતી વૃદ્ધિ પ્રેરકો છોડ ગ્રહણ કરી શકે તેવી સ્થિતિમાં મળી રહે છે.

આ પદ્ધતિ સ્વયં વિકસાવેલ છે અને તેઓ ઘણા સમયથી આવા પ્રયોગ કરતા રહે છે.
આ પદ્ધતિનો મૂળસ્રોત તેઓ પોતે છે.
આ પદ્ધતિનો વિચાર જાતે જ પ્રયોગ કરી ઉપયોગ કરતા આવ્યા છે.
આ પદ્ધતિની કોઈ મર્યાદા કે સાવચેતી રાખવામાં આવતી નથી.

અન્ય ઉપયોગ જાણતા ખેડૂતોઃ
વાડીલાલ વી. વાસાણી
અમૃતભાઈ કે. પોકાર
કવિતાબેન સોની
ધનજીભાઈ શીવજીભાઈ
વેલજીભાઈ શીવજીભાઈ

આ માહિતી અન્ય કોઈ જગ્યાએ પ્રચલિત થયેલ નથી.
આ પદ્ધતિનો વૈજ્ઞાનિક સંદર્ભ વિશે જણાવેલ નથી. પણ આ પદ્ધતિમાં વપરાતા તમામ પદાર્થો ઉપયોગી હોવાથી તેની અસર સારી થાય એમ તેમનું માનવું છે.

(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૧૩-૧૦-૨૦૦૭માં જાલમસિંહ ઝાલાએ કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે અને તેનો ઉપયોગ તેઓ ચસીયા પ્રકારની જીવાતના કંટ્રોલ માટે કરે છે.)

| | |
|---|---|
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | લીમડો(Azadirachta indica), હળદર(Curcuma longa), ગૌમૂત્ર, છાણ, પાણી |
| IPR Status | |
| Keywords | જીવાત, ફળ, પાક, લીમડો, Azadirachta indica, હળદર, Curcuma longa, ગૌમૂત્ર, છાણ, પાણી, કચ્છ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૫૯ | Member Type | Verifier | | |
| First Name | જાલમસિંહ | Middle Name | | Last Name | ઝાલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૭૭ | Member Type | Innovator | | |
| First Name | વિજય | Middle Name | મગનલાલ | Last Name | શાહ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | ન્યુટેક ફોર્મ, મુ. મોટી રાયણ | Taluka | માંડવી | | |
| District | Kachchh | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
શ્રી વિજયભાઈ મગનલાલ શાહની ઉંમર ૫૦ વર્ષની છે. તેમના પત્ની કુસુમબેન તથા એક દિકરી છીતીબેન છે. તેમની બીજી દિકરી જ્યોતિબેન પરણીને સાસરીમાં રહે છે. તેઓનો રસનો વિષય ખેતી છે. તેમની પાસે કુલ ૪૦ એકર જમીન છે. આ જમીનમાં હાલમાં ખારેક ૧૧ એકર, કુવરપાઠું સાડા બાર એકર, આમળા ૨ એકર, એરંડા ૩ એકર, ઘાસચારો અઢી એકર અને આકાશી ખેતીમાં ૧૦ એકરનું વાવેતર કરેલ નથી. પિયત માટે ટ્યુબવેલની સગવડ છે. પશુઓમાં ગાય છે. સમાજના તમામ રિવાજો સારી રીતે પાળે છે. તેમની આવકનું મુખ્ય સાધન ખેતી અને ધંધો છે.

સમસ્યા તેમની કોઈ સમસ્યા નથી. સારી રીતે આધુનિક ખેતી કરે છે.

ગામનો પરિચય:
ગામની વસ્તી ત્રણ હજાર જેટલી છે. ગામમાં પ્રાથમિક શાળા છે. પંચાયત ઘર છે. તળાવ એક છે. વૃક્ષોમાં તેમના ગામમાં બાવળ, લીમડા, ખીજડા, ખારેક વગેરે મુખ્ય છે. સામુહિક ઉત્સવોમાં દિવાળી, હોળી, નવરાત્રી, જન્માષ્ટમી વગેરે મુખ્ય છે. ગામમાં મહિલાઓનો દરજ્જો ઉંચો છે અને શિક્ષણનું પ્રમાણ ઘણું સારું છે. ગામમાં પટેલ, રબારી, દરબારો, ઠાકોરની મુખ્ય વસ્તી છે. તમામ લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાયથી જોડાયેલા છે. ગામમાં પાકા રોડની સગવડ છે. ટેલીફોનની સુવિધા છે. વાહન વ્યવહારમાં બસ, જીપ, રીક્ષા વગેરેની સુવિધા છે. તાલુકા મથકથી ૨૦ કિ.મી છે. જિલ્લા મથકથી ૪૫-૫૦ કિ.મી છે.